૩ દિવસ ઉત્સવ ચાલશે

સરદાર પટેલ યુનિવર્સિટીનો યુથ ફેસ્ટીવલ કલાન્તર શરૂ



આણંદ,તા.૨૨

સરદાર પટેલ યુનિવર્સિટીનો યુથ ફેસ્ટીવલ કલાન્તર મંગળવારથી શરૂ થયો છે, જે ૩ દિવસ ચાલશે. આ ઉત્સવના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ જે-તે ઈવેન્ટમાં પોતાના ઓજસ પાથર્યા હતા. ૧૧૬૦ જેટલા વિદ્યાર્થી પોતાની કલા પ્રદર્શિત કરશે.

આ સ્પર્ધામાં બહારના નિર્ણાયકો ઉપસ્થિત રહ્યા : ૧૧૬૦ જેટલા વિદ્યાર્થી પોતાની કલા પ્રદર્શિત કરશે

ઈપ્કોવાલા હોલમાં યુથ ફેસ્ટીવલ ખુલ્લો મૂક્યા બાદ આ હોલમાં વન એક્ટ પ્લે, વેસ્ટર્ન ઈન્સ્ટ્રુમેન્ટ સોલો, ક્લાસીકલ ડાન્સ, ક્રીએટીવ કોરીયોગ્રાફી સ્પર્ધા યોજાઈ હતી. એમ.સી.એ. ડિપાર્ટમેન્ટ ઈલોક્યુશન સ્પર્ધા યોજાઈ હતી. જેનો ટોપીક 'વિકસિત ભારત ૨૦૪૭ પડકારો અને પરિણામો'માં વિદ્યાર્થીઓએ અલગ-અલગ પોતાનો મત મૂક્યો હતો. ૪૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એમ.બી.એ. ઓડિટોરીયમમાં ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટ સોલો-પરક્યુશન, ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટ સોલો (નોન પરક્યુશન) ક્લાસીકલ વોકલ સોલો - હિંદુસ્તાની કર્ણાટક લાઈટ વોકલ સોલો ઈવેન્ટ યોજાઈ હતી. બધી જ સ્પર્ધામાં બહારથી જજ ઉપસ્થિત રહ્યા હતા. અલગ-અલગ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જે-તે કોલેજના વિદ્યાર્થીઓનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

આણંદ જિલ્લામાં જલ-ઝીલણી એકાદશી પર્વની ઉજવણી

આણંદ,તા.૨૨

આણંદ જિલ્લાના ગામ-નગરના વૈષ્ણવ અને સ્વામિનારાયણ મંદિરોમાં જલ-ઝીલણી એકાદશી પર્વની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. ભગવાનને નૌકાવિહાર કરાવવામાં આવ્યો હતો. આ વખતે મંદિર પરિસરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ભગવાનની પ્રતિમાને વિશેષ શણગાર કરાવવામાં આવ્યો હતો. સવારથી પૂજા-અર્ચન, ધાર્મિક વિધિઓનું આયોજન કરાયું હતું. ભક્તોની ઉપસ્થિતિમાં ભગવાનની પ્રતિમાને નૌકામાં બિરાજમાન કરાવી જળવિહાર કરાવવામાં આવ્યો હતો. બોચાસણ સહિત જિલ્લાના સ્વામિનારાયણ મંદિર તથા વૈષ્ણવ મંદિરોમાં શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઈ હતી.

ભાનેર ગામે ગણેશોત્સવ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ

કઠલાલ,તા.૨૨

કઠલાલ તાલુકાના ભાનેર ગામે ગણપતિ યુવક મહોત્સવ સમિતિ દ્વારા શ્રીજીની સ્થાપનાના ચોથા વર્ષની ઉજવણીના ભાગરૂપે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાનેર સહિત આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને ધર્મલાભ લીધો હતો.





મહામેળાનો ત્રીજો દિવસ : યાત્રાધામ અંબાજીમાં શ્રદ્ધાનો મહાસાગર છલકાયો

યાત્રાધામ અંબાજી તરફ આવતા તમામ માર્ગો પર પદયાત્રીઓનો ધસારો : માઈ-ભક્તો અદમ્ય ઉત્સાહ સાથે માં અંબાના ચરણોમાં શીશ નમાવી ભાવુક થયાં







ત્રીજા દિવસે અંબાજીમાં ૭.૨૧ લાખથી વધુ માઈભક્તો ઉમટ્યા

પાલનપુર, અંબાજી તા. ૨૨

અંબાજીમાં ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળો-૨૦૨૬ના ત્રીજા દિવસે ૨૨ સપ્ટેમ્બરે સાંજે ૫ વાગ્યા સુધીમાં અંદાજિત ૭,૨૧,૯૦૬ યાત્રિકોએ અંબાજીની યાત્રા કરી હતી. યાત્રાળુઓની સુવિધા માટે એસ.ટી. બસ દ્વારા ૨,૦૧૨ ટ્રીપ કરવામાં આવી હતી, જેમાં



૮૯,૧૫૮ યાત્રાળુઓએ મુસાફરી કરી હતી. જ્યારે ૯,૬૮૪ યાત્રિકોએ ઉડનખટોલા (રોપવે)નો લાભ લીધો હતો.

ભાદરવી પુનમના મેળાના ત્રીજા દિવસે ૭૭૫ ધજારોહણ કરવામાં આવ્યા હતા. ૮૯,૮૯૭ યાત્રિકોએ ભોજન પ્રસાદ લીધો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા ૪,૯૩,૦૨૧ મોહનથાળ અને ૭,૨૫૪ ચીકી પ્રસાદના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભંડાર, ગાદી, ભેટ કાઉન્ટર અને સાહિત્ય કેન્દ્ર સહિતના વિવિધ કેન્દ્રોમાંથી ૨૭,૩૭,૭૩૭ની આવક નોંધાઈ હતી. મેળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૫૪,૭૦૫ દદીઓને સારવાર આપવામાં આવી હતી. બાળ સુરક્ષા હેઠળ ૩૨,૨૧૩ નોંધણી કરવામાં આવી હતી. ત્રીજા દિવસે સોનાની આવક નોંધાઈ ન હતી. યાત્રાધામ અંબાજીમાં હાલ સંપૂર્ણપણે - પદયાત્રીઓના અવિરત પ્રવાહોથી છલકાઈ રહ્યો છે. યાત્રિકોના અંબાજી આવતા માર્ગો ઉપર સતત વધી રહેલા પ્રવાહને કારણે માર્ગો હવે પદયાત્રીઓથી ઉભરાવા લાગ્યા છે.

ત્રીજો દિવસ

- યાત્રિકો ૭,૨૧,૯૦૬
- ધજારોહણ ૭૭૫
- ભોજન પ્રસાદ ૮૯,૮૯૭
- મોહનથાળ પેકેટ ૪,૯૩,૦૨૧
- ચીકી પેકેટ ૭,૨૫૪
- ભેટ/આવક ૨૭,૩૭,૭૩૭
- રોપવે યાત્રિકો ૯,૬૮૪
- એસ.ટી. મુસાફરો ૮૯,૧૫૮
- બસ ટ્રીપ ૨,૦૧૨
- આરોગ્ય સારવાર ૫૪,૭૦૫
- સોનાની આવક ૦ ગ્રામ

જગાણા ગામના પરિવારમાં ખુશી

માં અંબાની માનતા બાદ ૧૩ વર્ષે ઘરે પારણું બંધાયું



પાલનપુર : પાલનપુર તાલુકાના જગાણા ગામે રહેતા મેહુલ દરજીના પરિવારમાં મા અંબાની માનતા બાદ ૧૩ વર્ષે પારણું બંધાતા પરિવારની ખુશીનો પાર રહ્યો નથી. તેમના ઘરે દીકરીનો જન્મ થયો હતો. દીકરીના જન્મને મા અંબાના આશીર્વાદરૂપે માનતા પરિવારે માનતા પૂર્ણ કરવા માટે જગાણાથી અંબાજી સુધી પગપાળા યાત્રા કરી હતી. પરિવારે જગાણામાં જે ઘરે રહીને મા અંબાની માનતા માની હતી, ત્યાંથી જ પગપાળા યાત્રાનો પ્રારંભ કર્યો હતો. પરિવાર અંબાજી પહોંચી મા અંબાના દર્શન કરી માનતા પૂર્ણ કરી હતી.





નાગરિક દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ

વિદ્યાનગર બસ સ્ટેશનમાં વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક સુવિધા વધારવા માગણી

આણંદ,તા.૨૨

વિદ્યાનગર બસ સ્ટેશનમાં હજારો વિદ્યાર્થીઓ અપ-ડાઉન કરે છે. તંત્ર દ્વારા બસ સ્ટેશન બનાવાયુ છે. ત્યારે વિદ્યાર્થીઓ માટે બેસવાની સગવડ વધારવા માટે અને શૌચાલયમાં સુવિધા તથા ચોવીસ કલાક પાણીની સુવિધા કરવા માંગ કરાઈ છે. જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ છે.

વિદ્યાનગરમાં શાળા-કોલેજની સંખ્યા વધારે છે. આજુબાજુના ગામડાના વિદ્યાર્થીઓ એસ.ટી. બસમાં ઘરેથી અપ-ડાઉન કરતા હોય છે. બસની રાહ જોવા માટે બસ સ્ટેશનમાં બેસતા હોય છે. કેટલાક વિદ્યાર્થી પોતાનું ટીફીન પણ ત્યાં જ જમતા હોય છે. ઘણીવાર પીકઅપ ટાઈમમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય છે ત્યારે વિદ્યાર્થીઓને ઉભા રહેવુ પડતુ હોય છે. તો આ બાબતે વિદ્યાર્થીઓ માટે બેસવાની વ્યવસ્થા વધારવામાં આવે તે સમયની માંગ છે.

વિદ્યાર્થીઓ બસ સ્ટેશનમાં આવે એટલે શૌચાલયનો ઉપયોગ કરે છે. પરંતુ શૌચાલયમાં વોશ બેસિનમાં નળની યોગ્ય વ્યવસ્થા નથી. હાથ ધોવા માટે બહાર વોશ બેસિનની વ્યવસ્થા પણ માંગ કરાઈ છે. શૌચાલયની સમયાંતરે તપાસ થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓની વ્યાજબી માંગણી જલદી પૂરી કરવામાં આવે તે જરૂરી છે.

પેટલાદના પાળજ ગામે નવરાત્રિ મહોત્સવની ધામધૂમથી ઉજવાશે



આણંદ,તા.૨૨

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના પાળજ ગામે આવેલ સુપ્રસિદ્ધ શ્રી વહાણવટી માતાજીના ચોગાનમાં આ વર્ષે ૫૭મા નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. ૫૭મા વર્ષે પણ સમગ્ર ગામ સહિત જાહેર માર્ગોને રંગબેરંગી લાઈટિંગ અને રોશનીથી શણગારવામાં આવશે. આ મહોત્સવમાં ૭૦ ફૂટ ઊંચો ગબ્બર, નવગ્રહ માતાજીનું મંદિર, ફુવારા ડેકોરેશન અને ઈન્દોરી કલાકારો દ્વારા તૈયાર કરાયેલા અવનવા ધાર્મિક પૂતળાં દર્શનાર્થીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે.

કઠલાલ તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં છાશવારે વીજળી ગૂલ થતા હાલાકી

કઠલાલ,તા.૨૨

કઠલાલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ હોય કે ન હોય, છાશવારે વીજપુરવઠો ખોરવાઈ જવાની વિકટ સમસ્યાથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આ પ્રશ્ને તાલુકાના સરપંચો દ્વારા ખુદ ઉર્જામંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી હોવા છતાં સ્થિતિ 'જૈ સે થે' રહી છે. એમજીવીસીએલના કર્મચારીઓ પોતાની મનમરજી મુજબ ગમે ત્યારે વીજપુરવઠો બંધ કરી દેતાં હોવાના આક્ષેપો કરાઈ રહ્યાં છે. વીજળી ગુલ થવાના કારણે ખાસ કરીને ગૃહિણીઓ જ્યારે રસોઈ બનાવતી હોય કે પરિવાર જમવા બેઠો હોય તે જ સમયે વીજપુરવઠો ખોરવાઈ જતાં અંધારપટ છવાઈ જાય છે. આ સિવાય શ્રમિકો, ખેડૂતો, ઝૂંપડપટ્ટી અને ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે આ પરિસ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે.

સરકાર દ્વારા કેરોસીનનું વિતરણ બંધ કરી દેવાયું છે, જ્યારે મોંઘવારીના કારણે તેલનો દીવો કરવો પણ ગરીબો માટે અઘરું છે. જેથી વીજ તંત્ર દ્વાર સત્વરે આ સમસ્યાનું નિરાકરણ લાલવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

:: જાહેર નોટીસ ::

ડીસ્ટ્રીકટ ખેડા સબ- ડીસ્ટ્રીકટ મહુધા તાલુકાના મોજે ગામ મહુધાની સીમના જેનો બ્લોક/સર્વે નં.૨૮૭ જેનો જુનો બ્લોક સર્વે નં:- ૧૯૨ જેનો ખાતા નંબર ૧૬૬૯ જેનું કુલ ક્ષેત્રફળ હે. આ ૧-૧૪-૭૭ હે.આ.ચો.મી જેનો આકાર રુ.૧૦.૭૭ વાળી જમીનના કબજેદાર રાજેશભાઈ રમણલાલ પટેલ (૮૦ ટકાના ભાગીદાર) તથા પાયલબેન દિલીપભાઈ પટેલ (૨૦ ટકાના ભાગીદાર) નામે ચાલે છે. તેઓ આ જમીન વેચાણ કરવા માગતા હોય અમો પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ની માંગણી કરેલ હોય મજકુર મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિસ્સો, હિત-સબંધ, બોજો, અલોખો, પાવર, બાનાખત કે ઇઝમેન્ટ રાઈટ આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેલી દિન-૭ માં લેખિત પુરાવા સહીત અમારા સરનામે રજીસ્ટર પોસ્ટ એડી થી વાંધા રજુ કરવા જો નિયત સમય મર્યાદા માં વાંધા રજૂ કરવામાં નહિ આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો નથી અને વાંધો હોય તો વેવ (જતો) કરેલ છે તેમ સમજી અમારા અસીલ ને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ. જેની જાહેર જનતા એ નોંધ લેવી.

તારીખ: 22.09.2026

ઉમંગકુમાર એસ રોહિત | એ-૨૦૬, બીજો માળ, રાધે-કિશન પાર્ક, મહેમદાવાદ-મહુધા રોડ, મુ. મહેમદાવાદ, જિ.ખેડા મો.નં. ૯૯૦૯૯૨૦૬૫૮

જાહેર નોટીસ → મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,વસો ની કોર્ટમાં.
નં.જન્મ નોંધણી અરજી. ૨૯/૨૦૨૬


અરજદાર :- મોમિન ખાદિમહુસૈન યુનુસભાઈ, રહે. મુ.ગીતાજલિપાર્ક સોસાયટી, પીજ રોડ, મુ.નડિઆદ, તા.નડિઆદ, જી.ખેડા. વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી વસો,ગ્રામ પંચાયત તા.વસો, જી.ખેડા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મોમિન ખાદિમહુસૈન યુનુસભાઈ નો જન્મ તા.૧૯/૦૮/૧૯૭૯ ના રોજ મુ.વસો, તા.વસો, જી.ખેડા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ જન્મ ની નોધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ ઇસમને વાંધો કે તકરાર હોઇ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ મા પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વસો, પેહલો માળ, તાલુકા સેવા સદન, સ્ટેશન રોડ, વસો ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. | કોર્ટનો સિક્કો | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર,વસો.

અંતિમયાત્રા



જય શ્રી કૃષ્ણ સખેદ જણાવવાનુંકે મારા ધર્મપત્નિ
સ્વ.અ.સૌ ઇચ્છાબેન (કિશ્નાબેન) અમૃતલાલ ઓઝા
દેવ લોક પામ્યા છે. જે ઘણું જ માઠુ થયું છે. પરમાત્માને ગમ્યુ તે ખરૂ
પ્રભુ તેમના દિવંગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

અંતિમયાત્રા (અમારા નિવાસ સ્થાનેથી)
તારીખ : ૨૪-૯-૨૦૨૬ ને ગુરૂવારના રોજ
સમય :- સવારે ૧૦-૦૦ કલાકે
સ્થળ :- બંગલા નં બી-૧,ભાગ્ય લક્ષ્મી સોસાયટી,વૈશાલી સિનેમા પાછળ,નડીઆદ

:: શોકાતુર ::
ડૉ અમૃતલાલ એમ. ઓઝા (પતિ)
ચિરાગ અમૃતલાલ ઓઝા (પુત્ર) શર્મિલા ચિરાગ ઓઝા (પુત્ર વધુ)
જાગૃતિ રાજેશકુમાર ઓઝા (પુત્રી) સંગીતા હેમંતકુમાર પ્રજાપતિ (પુત્રી)
સંપર્ક મો :- ૯૪૨૬૬ ૩૩૨૩૫

બેંક ઓફ બરોડા | બેંક ઓફ બરોડા, આરઓએસએઆર શાખા | સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ | ઇ-હરાજી વેચાણ નોટીસ

[illegible]

ઈ-હરાજીની તારીખ : ૦૭.૧૦.૨૦૨૬ ● ઈ-હરાજીનો સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦

ક્રમ નં.	દેવાદાર/જામીનદાર/ગીરવેદારનું નામ અને સરનામું	જાણમાં હોય તેવા બોજા સહિત જંગમ / સ્થાવર મિલકતનું ટૂંકુ વર્ણન	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	[illegible]	[illegible] Property ID: BARB5993020240245	રૂ. [illegible]/-	૧. રૂ. [illegible]/- ૨. રૂ. [illegible]/- ૩. રૂ. ૫,૦૦૦/-

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૦૫.૧૦.૨૦૨૬ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ ● કબજાનો પ્રકાર : પ્રત્યક્ષ

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com, પર આપેલ લિંક જોવા વિનંતી છે. [illegible]

તારીખ : ૨૨.૦૯.૨૦૨૬ સ્થળ : વડોદરા | નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | સહી/- અધિકૃત અધિકારી, આરઓએસએઆર, વડોદરા

જાહેર નોટીસ → મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,વસો ની કોર્ટમાં.
નં.જન્મ નોંધણી અરજી.૨૧/૨૦૨૬

અરજદાર :- સુગરાબેન ગુલામઅલી મોમિન, રહે, ફૈઝપાર્ક સોસાયટી, મુ.વસો, તા.વસો, જી.ખેડા. વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી રામોલ, ગ્રામ પંચાયત તા.વસો, જી.ખેડા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સુગરાબેન નુરભાઈ મોમિન નો જન્મ તા.૩૧/૦૮/૧૯૬૪ ના રોજ મુ.રામોલ, તા.વસો, જી.ખેડા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ જન્મ ની નોધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમા નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વસો, પેહલો માળ, તાલુકા સેવા સદન, સ્ટેશન રોડ, વસો ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવ. સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમો નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. | કોર્ટનો સિક્કો | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર,વસો.

જાહેર નોટીસ → મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,વસો ની કોર્ટમાં.
નં. જન્મ નોંધણી અરજી.૧૬/૨૦૨૬

અરજદાર :- ગુલામઅલી ફતેહભાઈ મોમિન, રહે, ફૈઝપાર્ક સોસાયટી, સ્ટેશન રોડ, મુ.વસો, તા.વસો, જી.ખેડા. વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી રામપુર, ગ્રામ પંચાયત તા.વસો, જી.ખેડા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ગુલામઅલી ફતેહભાઈ મોમિન નો જન્મ તા.૨૭/૦૫/૧૯૫૮ ના રોજ મુ.રામપુર, તા.વસો, જી.ખેડા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મ ની નોધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, માસો, પેહલો માળ, તાલુકા સેવા સદન, સ્ટેશન રોડ, વસો ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ વિ લેવી.

આજ તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. | કોર્ટનો સિક્કો | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર,વસો.

જાહેર નોટીસ

અમો શ્રી અશોકકુમાર બી વ્યાસ, એડવોકેટ, રહે. નડીઆદ, જી. ખેડા ના તે અમારા અસીલ ભરવાડ કરશનભાઈ સોડાભાઈ, રહે.ઈન્દીરાનગરી-૩, વડતાલ, તા. નડીઆદ, જી.ખેડા નાઓની સુચનાથી આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે, જત ડીસ્ટ્રીકટ આણંદ , તાલુકો આણંદના મોજે જોળ ગામની જુની શરતની ખેતીની જમીન જેનો ખાતા નંબર. ૧૮૮, બ્લોક/સર્વે નં. ૪૧૭ પૈકી જેનુ ક્ષેત્રફળ ૦-૦૬-૬૫ હે.આરે.ચો.મી તથા ખાતા નં. ૧૮૮, બ્લોક સર્વે નં.૪૧૬, જેનુ ક્ષેત્રફળ ૦-૧૯-૦૩ પૈકી ૦-૦૬-૩૪ હે.આરે.ચોમી. વાળી જમીન પરમાર દિનેશભાઈ મેલાભાઈ તથા ૭/૧૨ આવેલ અન્ય માલિકો રહે.આંબલો, વડતાલ, તા.નડીઆદ, જી.ખેડા નાની માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને સદરહુ મિલકતના તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓ સદરહુ મિલકત અમારા અસીલ ભરવાડ કરશનભાઈ સોડાભાઈને વેચાણ કરવા માંગતા હોઈ, સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિસ્સો વેચાણથી, લીયનથી, બોજો કે કોઈપણ જાતનો અન્ય હકક - હિસ્સો કે અધિકાર હોય તો તેની જાણ અમોને આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજો સાથે રજી. પોસ્ટ એ.ડી. થી લેખિતમાં જાણ કરશો. જો તેમ કરવામાં કસુર કરશો તો મુદત વિત્યે અમારા અસીલને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તા.૨૨/૦૯/૨૦૨૬, સ્થળ: નડીઆદ.

અશોકકુમાર બી. વ્યાસ એડવોકેટ એન્ડ નોટરી | સનદ નં. જી.૫૧૪/૨૦૦૧
ઓફિસ : ૧૧૦, ઝવેરી પ્લાઝા કોમ્પ્લેક્ષ, મીલ રોડ, સરદાર ભવનની સામે, તા.નડીઆદ. જી.ખેડા. | (M) 9825061490

:: જાહેર નોટીસ ::

અમો એડવોકેટ મનોજ કે.રાઠોર તે અમારા અસીલ (૧) પટેલ અમિતાબેન અનિલકુમાર તથા (૨) પટેલ ધરમ અનિલકુમાર તથા (૩) પટેલ ધવલ અનિલકુમાર તમામ રહે.મુ.અસલાલી, હે.લીમડી વાળો ચોરો, તા.જી.અમદાવાદની સચના અનુસાર આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ નાર તા.પેટલાદ જી.આણંદના ખાતા નં.૨૫૮૮ ના રે.બ્લોક સર્વે નં.૨૧૯૭/૧ જેના હે.૦-૨૪-૨૮ આકાર રૂ.૩.૦૦ વાળી ખેતીની જમીન પટેલ સંજયકુમાર અંબાલાલ ની સ્વતંત્ર માલીકી કબજા ભાગવટાની આવેલ છે. તથા મોજે ગામ નાર તા.પેટલાદ જી.આણંદના ખાતા નં.૨૫૮૪ ના રે.બ્લોક સર્વે નં.૨૧૯૩ +૨૧૯૪ જેના હે.૧-૧૩-૩૧ આકાર રૂ.૧૩.૭૫ વાળી ખેતીની જમીન સચિનકુમાર મનુભાઈ પટેલ ની સ્વતંત્ર માલીકી કબજા ભાગવટાની આવેલ છે. તેઓએ સદરહું મિલકત ટાઈટલ કલીયર, માર્કેટેબલ છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહું મિલકત બાબતે અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં જે કોઈ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક કે ભરણપોષણ વિગેરેનો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત, સંબંધ, હિસ્સો, અલાખો, બોજો, મોર્ગેજ, લીયન, બાનાખત, વાંધો, તકરાર વિગેરે હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં ઉપર જણાવેલ સરનામે લેખીત,દાર્શનિક દસ્તાવેજી પરાવા સહિત જાણ કરવી. જો સદરહું મુદતમાં કોઈ વાંધો, તકરાર નહી આવેતો તેમાં કોઈના હકક-અધિકાર નથી તથા હોય તો તેઓએ વેઈવ (જતા) કરેલા છે તેમ માની અમો સદરહું મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું તેની જાહેર જનતાએ નોંધ લેવી

તારીખ: 22.09.2026

મનોજ કે. રાઠોડ (એડવોકેટ)
સરદાર આવાસ, પેટલાદ રોડ, આશી, તા. પેટલાદ, જિ. આણંદ, મો. ૯૮૯૮૬૪૯૯૮૪

ફોનિક્સ એઆરસી લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : ૩જો માળ, વોલેસ ટાવર્સ, ૧૩૯/૧૪૦બી/૧, સહાર રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ક્રોસિંગ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૭, ૪૦૦ ૦૯૯, ટેલિફોન: ૦૨૨-૬૮૪૯ ૨૪૫૦, ફેક્સ: ૦૨૨-૬૭૪૧૨૩૧૩ CIN: U67190MH2007PLC168303; ઈમેલ: info@phoenixarc.co.in વેબસાઈટ: www.phoenixarc.co.in

મિલકતનું ઓનલાઇન ઈ-હરાજી દ્વારા વેચાણ

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ટૂંકમાં સરફેસી એક્ટ) અને તેના નિયમો, ૨૦૦૨ (ટૂંકમાં નિયમો) હેઠળની સત્તાઓના ઉપયોગ દ્વારા અને સુરક્ષિત દેવાની વસૂલાત માટે અધિકૃત અધિકારી પાસે રહેલી નીચે જણાવેલ દેવાદાર / જામીનદાર /ગીરવેદારોની સુરક્ષિત મિલકતના કબજાના આધારે, અધિકૃત અધિકારીએ તે સુરક્ષિત મિલકતનું હરાજી દ્વારા વેચાણ કરવાનો નિર્ણય લીધો છે.

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર, ગીરવેદાર અને જામીનદારોને જાણ કરવામાં આવે છે કે, ફોનિક્સ ટ્રસ્ટ એફવાય-૨ (ફોનિક્સ) ના ટ્રસ્ટી તરીકે કાર્યરત ફોનિક્સ એઆરસી લિમિટેડ (અગાઉ ફોનિક્સ એઆરસી પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) પાસે ગીરો મૂકવામાં આવેલી નીચે જણાવેલ મિલકત (એચડીએફસી બેંક લિમિટેડ દ્વારા ફોનિક્સની તરફેણમાં તારીખ ૨૭.૦૩.૨૦૨૫ ના રોજ થયેલા અસાઈનમેન્ટ કરાર મુજબ દેવાના હસ્તાંતરણને અનુસરીને), બાકી લેણાં અને વધુ વ્યાજ, ચાર્જિસ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે "જે સ્થિતિમાં છે, જેવી છે અને કોઈ પણ જવાબદારી વિનાની શરતે, સરફેસી એક્ટની જોગવાઈઓ અને 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨' ના નિયમ ૮ અને ૯ મુજબ, નીચે આપેલી વિગતો અનુસાર https://www.bankeauctions.com વેબસાઈટ દ્વારા "ઓનલાઈન ઈ-હરાજી" થી વેચવામાં આવશે:

દેવાદારનું નામ	શ્રી હિતેશ પટેલ
સહ-દેવાદારોનાં નામ	શ્રી ધર્મેશકુમાર પટેલ, શ્રી ભાસ્કરકુમાર પટેલ મેસર્સ શ્રીજી ફૂડ્સ એન્ટરપ્રાઇઝિસ
જામીનદારનું નામ	શ્રી બિપિનકુમાર સુરેશભાઈ ઠક્કર
બાકી રકમ	સરફેસી એક્ટની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલ તારીખ ૦૫.૦૧.૨૦૨૨ની માંગણી નોટિસ મુજબ, તારીખ ૩૦.૧૧.૨૦૨૧ના રોજ રૂ. ૧,૪૮,૪૨,૪૨૧/- (અંકે રૂપિયા એક કરોડ અડતાલીસ લાખ બેતાલીસ હજાર ચારસો એકવીસ પૂરા); સાથે કરાર મુજબના દરે વ્યાજ અને આનુષંગિક ખર્ચ, પડતર, ચાર્જિસ વગેરે.
સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ કબજો	ભૌતિક કબજો
નિરીક્ષણની તારીખ	વિનંતી પર
બોલી (ઈ-હરાજી) જમા કરાવવાની તારીખ	૧૨ ઓક્ટોબર ૨૦૨૬ (સોમવાર) સાંજે ૬.૦૦ વાગ્યા પહેલાં
અનામત રકમ / બયાનાની રકમ (ઇએમડી)	રૂ. ૧૦,૪૪,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ ચુંમાલીસ હજાર પૂરા) ઈએમડીની રકમ RTGS દ્વારા જમા કરાવવાની રહેશે. [illegible]
અનામત કિંમત	[illegible]
બોલીમાં વધારો	[illegible]
ઈ-હરાજીની તારીખ	[illegible]
ઈ-હરાજીની પદ્ધતિ	ઓનલાઇન – ઈ-હરાજી
હરાજી કરવામાં આવતી સુરક્ષિત મિલકતનું વર્ણન	[illegible]
ટેન્ડર દસ્તાવેજો માટેની લિંક	https://phoenixarc.co.in/?p=7620

નિયમો અને શરતો:

[illegible]

૧૦. ઈ-હરાજીમાં સફળ ન થયેલા અન્ય તમામ બોલી લગાવનારાઓની ઈએમડી ની રકમ 'ફોનિક્સ' દ્વારા ઈ-હરાજી પૂર્ણ થયાના ૫ કામકાજના દિવસોમાં પરત કરવામાં આવશે. આ ઈએમડી પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૧૧. ખરીદીની બાકી રહેતી રકમ સફળ ખરીદદાર/બોલી લગાવનારે અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર દ્વારા સુરક્ષિત મિલકતના વેચાણની પુષ્ટિ થયાની તારીખથી ૧૫મા દિવસ સુધીમાં અથવા અધિકૃત અધિકારી દ્વારા તેમના વિવેકબુદ્ધિથી લેખિતમાં સંમત થયેલ લંબાવેલ સમયગાળા દરમિયાન ચૂકવવાની રહેશે. ચૂકવણી કરવામાં કસૂર (ડિફોલ્ટ) થવાના કિસ્સામાં, ત્યાં સુધી જમા કરાવવામાં આવેલી તમામ રકમ જપ્ત થઈ શકે છે.
૧૨. સુરક્ષિત સંપત્તિ/મિલકતની તપાસ અથવા વધુ માહિતી માટે, સંભવિત બોલી લગાવનારાઓ સુશ્રી જાનવી માને / શ્રી હર્ષ માગિયાનો નીચેના ઈમેલ સરનામા janhavi.mane@phoenixarc.co.in / harsh.magia@phoenixarc.co.in અથવા મોબાઈલ નંબર ૯૬૫૫૯૮૩૬૪૦ / ૭૫૦૬૧૦૭૫૯૨ પર સંપર્ક કરી શકે છે.
૧૩. ઈ-હરાજીના કોઈપણ તબક્કે, અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના અને અગાઉની સૂચના વિના બોલી/ઓફરનો સ્વીકાર/અસ્વીકાર/ફેરફાર/રદ કરી શકે છે અથવા ઉપર જણાવ્યા મુજબ ઈ-હરાજી મુલતવી રાખી શકે છે.
૧૪. સફળ ખરીદનાર/બોલી લગાવનારે લાગુ કાયદા મુજબ સુરક્ષિત સંપત્તિ/મિલકત પોતાના નામે હસ્તાંતરિત/પ્રાપ્ત કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, કર, ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરેની જવાબદારી ઉઠાવવી પડશે.
૧૫. કોઈપણ સત્તામંડળ/બોર્ડ/સોસાયટી વગેરેને કોઈપણ સમયે ચૂકવવાપાત્ર તમામ વૈધાનિક/બિન-વૈધાનિક લેણાં, કર, દરો, આકારણીઓ, ચાર્જિસ, ફી, સોસાયટીની લેણાં વગેરેની ચુકવણી કરવાની સંપૂર્ણ જવાબદારી સફળ બોલી લગાવનારની રહેશે.
૧૬. પોતાના નામે અધિકારોના હસ્તાંતરણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા અન્ય કોઈપણ સત્તામંડળ અથવા બોર્ડ વગેરેને ચૂકવવાપાત્ર કોઈપણ ખર્ચ/ફી/ચાર્જિસ/ટ્રાન્સફર પ્રીમિયમ વગેરે માટે સફળ ખરીદનાર/બોલી લગાવનાર સંપૂર્ણપણે જવાબદાર રહેશે.
૧૭. બોલી રજૂ કરતા પહેલાં, સુરક્ષિત મિલકત પરના બોજા, ઈ-હરાજીમાં મૂકાયેલ મિલકતની માલિકી હક અને મિલકતને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી લેણાં (કાયદેસરના લેણાં અને વિસંગતતાઓ સહિત) વિશે સ્વતંત્ર તપાસ કરવી, નિરીક્ષણ કરવું, ચકાસણી કરવી અને પોતાને સંતુષ્ટ કરવાની સંપૂર્ણ જવાબદારી સંભવિત ખરીદદારો/બોલી લગાવનારાઓની રહેશે.
૧૮. વર્તમાનપત્રોમાં પ્રકાશિત ઈ-હરાજીની સૂચનામાં દર્શાવેલ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ જાણકારી મુજબ આપવામાં આવી છે; તેમ છતાં, કોઈપણ ભૂલ, ખોટી રજૂઆત અથવા વિગત રહી જવા બદલ નીચે સહી કરનાર જવાબદાર રહેશે નહીં.
૧૯. સંભવિત/ઈચ્છુક બોલી લગાવનારે એક બાંહેધરી રજૂ કરવી પડશે કે તેઓ 'ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬' ની કલમ ૨૯(એ) ની જોગવાઈઓ મુજબ ગેરલાયક ઠરેલા નથી. KYC દસ્તાવેજો સાથે આવી બાંહેધરી રજૂ કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, તેઓ આપમેળે ગેરલાયક ઠરશે અથવા તેમની બોલી રદ કરવામાં આવશે.
૨૦. જો કોઈ પણ કારણસર ઉપર જણાવેલ સુરક્ષિત મિલકત માટે નિર્ધારિત ઈ-હરાજી નિષ્ફળ જાય, તો 'ફોનિક્સ' પાસે 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨' ના નિયમ ૮(૫) અને 'સરફેસી એક્ટ, ૨૦૦૨' ની જોગવાઈઓ હેઠળ કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર રહેશે.
૨૧. જે લેણદારો/જામીનદારો/માલિકો/મિલકત ગીરો મૂકનારાઓ ઉપરોક્ત બાકી લેણાં માટે જવાબદાર છે, તેઓએ આ વેચાણ સૂચનાને 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ' ના નિયમ ૮(૬) હેઠળ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગેની સૂચના તરીકે ગણવી.

સ્થળ : આણંદ | સહી/- અધિકૃત અધિકારી
તારીખ : ૨૩-૦૯-૨૦૨૬ | ફોનિક્સ એઆરસી લિમિટેડ, ફોનિક્સ ટ્રસ્ટ-એફવાય૨૫-૨